# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "વિશ્વ મધમાખી દિવસ" ની ઉજવણી

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા સોજીત્રા તાલુકાના લીંબાલી ગામ ખાતે તા. ૨૦.૦૫.૨૦૨૨ના રોજ "વિશ્વ મધમાખી દિવસ" ની ઉજવણીનું આયોજન માન. કુલપતિશ્રી, આ.કૃ.યુ., આણંદ ડૉ. કે. બી. કથીરીયાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવેલ. જેમાં કુલ ૨૯ ખેડૂતોએ ખૂબજ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. સદર કાર્યક્રમમાં ડો. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા વિશ્વ મધમાખી દિવસ ઉજવવા પાછળનો હેતુ, મધમાખીનું મહત્વ, મધમાખીની સામાજીક સંરચના, મધમાખીની વિવિધ જાતો, તેમજ ઉછેર કરતી વખતે લેવાની કાળજી, સફળ મધમાખી ઉછેર માટે ઉપયોગી વનસ્પતિઓ/ ખેતી પાકો, મધમાખીના સફળ ઉછેર માટે પ્રાકૃતિક કૃષિની અગત્યતા, મધમાખી ઉછેર દ્વારા પ્રાપ્ત થતી પ્રોડક્ટ અને બાયપ્રોડકટ તેમજ મધમાખીના ઉછેર દરમ્યાન નુક્સાન કારક જીવાતો તેમજ તેમના નિયંત્રણ વિશે જાણકારી આપી મધમાખી ઉછેર દ્વારા વધુ આર્થિક નફો મેળવવા પ્રોત્સાહિત કરેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ







